# રીક્ષાચાલકે ડંડો મારતા બસ ડ્રાઈવરને ફ્રેક્ચર

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક સમસ્યા ઘેરી બનતી જાય છે. શહેરના ટ્રાફીક સિગ્નલમાં પણ વાહનોની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે ગઈકાલે સવારના સુમારે ઘ-૨ પાસે સામાન્ય અકસ્માત રીક્ષા અને બસ વચ્ચે થયો હતો. જેમાં રીક્ષા ચાલકે બસના ડ્રાઈવરને કોણી પર ડંડો મારતા ફ્રેકચર થવા પામ્યું છે. શહેરના ઘ-૨ પાસે બસ ચાલકથી ટ્રાફિકમાં પડી ગયેલા ઘસરકા બાદ રીક્ષા ચાલકે ૧૦ કિલોમીટર દુર તપોવન સર્કલ પાસે બસના ચાલકને ડંડો માર્યો હતો. ઘટના અંગે પહેલા ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. પરંતુ ત્યારબાદ પહેલો બનાવ ગાંધીનગર વિસ્તારમાં હોવાથી સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર તાલુકાના દશેલાના વતની નવલસિંહ શંકરસિંહ રાઠોડ (ઉં.વ.૫૫) જીએસઆરટીસીમાં છેલ્લા ૨૨ વર્ષથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. શનિવારના રોજ સવારે દશ વાગ્યાના અરસામાં તેઓ એસટી બસ નં. જી.જે.૧૮.વાય.-૨૭૫૫ લઈને ગાંધીનગર થી રાણીપ જવા માટે નીકળ્યા હતા. ત્યારે ઘ-૨ પાસે સિગ્નલ બંધ હોવાથી બસ ઉભી રાખી હતી. ત્યારે એક રીક્ષા ચલાકે બસની ખાલી સાઈડથી ઓવરટેક કરતા રીક્ષા બસને અડી ગઈ હતી. રીક્ષાને સામાન્ય ઘસરકો લીટો પડતા જ રીક્ષા ચાલકે ''બસ લઈને આગળ આવો હું તમને બતાડુ'' કહી નીકળી ગયો હતો. સામાન્ય ઘટનાને ભુલી ગયેલા નવલસિંહ અમદાવાદ તરફના રૂટમાં આગળ જઈ રહ્યા હતા ત્યારે તપોવન સર્કલ આગળ ટ્રાફિકના બુથ પાસે મુસાફરને લેવા માટે તેમજ ઉતારવા માટે બસ ઉભી રાખી હતી. ત્યારે રીક્ષા નં. જી.જે.૧૮.એ.ટી. ૩૧૬૧ ના ચાલકે રીક્ષામાંથી લાકડી નીકાળીને એસટી ડ્રાઈવરના બારી પાસે રહેલા હાથ પર મારી દીધી હતી. ત્યારબાદ હો હા થતા રીક્ષા ચાલક નાસી છુટ્યો હતો. બનાવ અંગે ડ્રાઈવરે એસટી ડેપોને જાણ કરતા ચાંદખેડા પોલીસને જાણ કરાઈ હતી. જેથી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

તો બીજીતરફ ગાંધીનગર ડેપોથી અન્ય ડ્રાઈવરને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યો હતો જેથી મુસાફરોને લઈને બસ આગળ વધે. જયારે ડ્રાઈવર નવલસિંહને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાતા જયાં તેમને હાથમાં ફ્રેકચર હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે ચાંદખેડા કેસ નોંધાયા બાદ ગાંધીનગર સે-૭ પોલીસ સ્ટેશનમાં કેસ ટ્રાન્સફર થતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## ૬ માસથી વોન્ટેડ બુટલેગર ઝડપાયો

ગાંધીનગર જિલ્લામાં પ્રોહીબિશનના ગુનાઓમાં પકડાયેલો અને ગાંધીનગરના ચાર ગુનામાં છેલ્લા ૬ માસથી વોન્ટેડ નાસતો ફરતો હતો.આરોપી વિક્રમસિંહ ઉર્ફે વિકો પ્રહલાદસિંહ ઝાલા ( ૪૦ વર્ષ રહે. લીંબચમાતાની ફળી દહેગામ) ને



પ્રોહીબિશનના બુટલેગરને ગાંધીનગર એલસીબી-૨ એ પકડી પાડ્યો છે. એલસીબી પીએસઆઈ પી.ડી.વાઘેલા ટીમ સાથે ગાંધીનગર શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગ હતા. ત્યારે ચાર કેસમાં વોન્ટેડ આરોપી અંગે પોલીસને બાતમી મળી હતી જેને પગલે પોલીસે દહેગામ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન હેઠળ નોધાયેલા ગુનામાં છેલ્લા ૬ માસથી વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પકડી પાડ્યો હતો. વોન્ટેડ આરોપી વિક્રમ ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ઘણીવાર પકડાઈ ચુક્યો છે. તેમજ હાલમાં પણ ચિલોડા, દહેગામ અને ડભોડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં તે વોન્ટેડ છે. જેને પગલે પોલીસે આરોપી સામે ઉંડી તપાસ શરુ કરી છે.

## ભાટ પુલ નીચે ન્હાવા પડેલા યુવાનનું ડુબી જતા મૃત્યુ

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષિય યુવકનું ભાટ પાસે સાબરમતિ નદીમાં ડુબી જવાથી મૃત્યુ નિપજ્યું છે. મિત્રો સાથે ન્હાવા પડેલા યુવક ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેનું મૃત્યું નિપજયું હતું જ્યારે રવિવારના રોજ યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

બનાવ અંગે મળતી માહીતી મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં સાંકા રબારી ની ચાલી ખાતે રહેતો યુવક કિરણ પરષોતમભાઈ પરમાર (ઉંવ.૩૯) શનિવારના રોજ પોતાના મિત્રો સાથે ફરવા માટે નીકળ્યો હતો. ભાટ પાસે આવતા નાસ્તો કરીને સાંજના સુમારે ત્રણેય મિત્રો ન્હાવા પડ્યા હતા. જેમાં કિરણ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા અન્ય બે મિત્રો તાત્કાલીક બહાર નીકળી ગયા હતા.બનાવ અંગે પરિવારના સભ્યોને જાણ કરવામાં આવતા યુવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જો કે મોડી સાંજ સુધી યુવકનો મૃતદેહ હાથ લાગ્યો ન હતો. રવિવારના રોજ સવારે પાણીમાં પાછી તપાસ હાથ ધરતા કિરણનો મૃતદેહ મળી આવ્યો હતો. ૩૯ વર્ષિય મૃતક કિરણને પરિવારમાં પત્ની અને એક પુત્ર છે. બનાવ અંગે પોલીસે ફરીયાદ લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૧૩ લાખની છેતરપિંડીના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના ૧૩ લાખની છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ એ પકડી પાડ્યો છે.ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના નાસતા ફરતા આરોપીઓને પકડવા એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડના માર્ગદર્શનમાં એબ્સકોંડર સ્કોર્ડના સભ્યો પેટ્રોલીંગમાં હતા. ત્યારે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૬માં નોંધાયેલા છેંતરપિડીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા આરોપી અંગે દિલિપસિંહને બાતમી મળી હતી જેને પગલે પોલીસો રેઈડ કરી ધનપાલ કાંતિભાઈ સોલંકી (રહે. બ્લોક નં. ૧૬-૨, હાલ-એ-૨૫ શાંતિ રો હાઉસ,કરણ નગર કડી,



મહેસાણા) અમદાવાદ થી પકડી પાડ્યો હતો. જેનો પગલે એલસીબીએ આરોપીની અટકાયત કરીને તેને ઈન્ફોસીટી પોલીસને સોંપ્યો છે.

## વાહ પ્રમાણિકતા..!! બેંક ખાતામાં ભૂલથી આવી ગયેલા ચાર લાખ પરત કર્યા..!!!

### જુના સચિવાલયમાં માહિતી ખાતામાં પટાવાળાની નોકરી કરતા સવિતાબેન સોલંકીની પ્રમાણિકતા પર ચોમેરથી પ્રસંશાની વર્ષા

ગાંધીનગર, તા. ૫

એવું કહેવાય છે કે ''પ્રમાણિકતાને તમારી જાતિ, ધર્મ કે આર્થિક પરિસ્થિતિ સાથે કોઈ નિસ્બત નથી, નિસ્બત છે તો માત્ર અને માત્ર તમારી નિયત સાથે.'' આ વાતને સાચી પાડી છે ગાંધીનગરના જુના સચિવાલય ખાતે માહિતી ખાતામાં પટાવાળા તરીકે સેવા આપતા સવિતાબેન બી. સોલંકીએ જેમણે બેંકની સીસ્ટમમાં કોઈ ટેકનિકલ ભૂલના કારણે પોતાના ખાતામાં જમા થઈ ગયેલા રૂ. ૪ લાખ જેવી માતબર રકમને પરત કરી દીધી છે. સવિતાબેનને બેંક સ્ટાફ ઉપરાંત તેમના વિભાગના ઉપરી



અધિકારીઓથી માંડીને સાથી કર્મચારીઓ દ્વારા પ્રસંશા સાથે શાબાશી પાઠવવામાં આવી રહી છે.

ગાંધીનગરના ડૉ. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૧૯માં માહિતી વિભાગમાં છેલ્લાં ૧૨ વર્ષથી કાર્યરત વિધવા સવિતાબેન સોલંકી ખોખરા ખાતેના સ્લમ ક્વાટર્સમાં બે પરિણિત પુત્રો સાથે રહે છે. તેમના ખાતામાં ગત તા. ૩૦મી એપ્રિલે અચાનક રૂ. ૪ લાખ જમા થયા હતા જે અંગે તેમણે તુરંત જ બેંકની શાખામાં જઈને બેંક મેનેજરનો સંપર્ક સાધ્યો હતો. બેંક મેનેજર પણ તેમની પ્રમાણિકતા જોઈ ખૂબ પ્રભાવિત થયા હતા અને પૈસા ઉપાડી લેવાને બદલે બેંકમાં આવી જણાવવા બદલ આભાર માન્યો હતો અને સાથે રકમ પરત લેવાની તજવીજ હાથ ધરી હતી. આ સાથે તેમણે સવિતાબેનને રૂ. ૫૦૦ ઈનામ પેટે આપ્યા હતા જેનો પણ સવિતાબેને લેવા ઈન્કાર કર્યો હતો પરંતુ બેંક મેનેજર તથા સ્ટાફના આગ્રહને વશ થઈને તેમણે લીધા હતા. સવિતાબેનની પ્રમાણિકતા અંગે માહિતી વિભાગ સહિત જુના સચિવાલયમાં વાયુવેગે વાત પ્રસરી જતા સૌ કોઈએ તેમને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની પ્રસંશા કરી હતી.

## એલસીબી-૨ની ટીમે બે રાજસ્થાની વોન્ટેડ બુટલેગરોને પકડયા

### એક મહિના પહેલા સ્ટેટ મોનીટરીંગ સેલે નાના ચિલોડાથી દારૂ ભરેલો ટ્રક પકડ્યો હતો તે કેસમાં બંન્ને બુટલેગરો વોન્ટેડ હતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકાના ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં નાના ચિલોડા પાસેથી ગત તા.૩ એપ્રિલના રોજ સ્ટેટ મોનીટરીંગ સેલના સભ્યોએ ટ્રકમાંથી રૂ.૨૮ લાખનો વિદેશી દારુ સાથે રૂ.૪૩ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બનાવમાં પોલીસે દારુના કેસમાં વોન્ટેડ એવા બે આરોપીને ગાંધીનગર એલસીબી-૨ની ટીમે ઝડપી પાડ્યા છે. ગાંધીનગર એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ. વાય.જે.રાઠોડની ટીમે બાતમીના આધારે રાજસ્થાનના ઉદેપુરથી ભંવરલાલ ખેમરાજ મેવાડા (રહે.બસ્સી, સલ્લુમ્બર, ઉદેપુર) અને અંબાલાલ ભેરૂલાલ કલાલ (રહે. બનોડા સલ્લુમ્બર, ઉદેપુર) દબોચી લીધા હતા. એલસીબીએ આરોપીને ગાંધીનગર લાવી ડભોડા



પોલીસને સોંપતા પોલીસે બંન્ને વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી અંબાલાલ કલાલ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર અને સુરેન્દ્રનગરના જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહીના ગુનામાં ઘણા સમયથી વોન્ટેડ હતો.

## ગુજરાતમાં સામાન્ય બજેટની તૈયારી, નાણાં વિભાગ ૬૪ પ્રકાશનો તૈયાર કરશે; બજેટ કદમાં વધારો થશે

લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં ગુજરાતના સામાન્ય બજેટ માટેની તૈયારી કરવા નાણા વિભાગે તમામ વિભાગો અને સંસ્થાઓને આદેશ આપ્યા છે. બજેટમાં સમાવેશ કરવામાં આવનારી નવી યોજનાઓ, નવી ભરતીના કર્મચારીઓના પગાર અને ભથ્થાં, જે યોજનાઓ ચાલુ હોય તેને અપગ્રેડ કરવાના ખર્ચા તેમજ સરકારના વિવિધ ખર્ચની વિગતો આપવાનું કહેવામાં આવ્યું છે. નાણા વિભાગના એક આદેશ પત્રમાં જણાવ્યા પ્રમાણે ૬૪ જેટલા બજેટ પ્રકાશનો તૈયાર કરવાના થાય છે. એ પહેલાં સરકારના ૨૬ વિભાગો અને સરકારી કચેરીઓએ બજેટના કામો પૂરાં કરવાના રહેશે. લોકસભાની ચૂંટણીના કારણે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૨૦૧૯-૨૦ના સંપૂર્ણ બજેટના સ્થાને ચાર મહિના માટેનું લેખાનુદાન (વોટ ઓન એકાઉન્ટ) લેવાનું નક્કી કર્યુ હતું. રાજયના નાણામંત્રી નિતીન પટેલે ગયા ફેબ્રુઆરી મહિનામાં બજેટની જગ્યાએ લેખાનુદાન રજૂ કર્યુ હતુ પરંતુ હવે જુલાઈમાં બજેટ સત્ર મળશે ત્યારે નાણા વિભાગ બાકીના આઠ મહિના એટલે કે ઓગષ્ટ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ સુધીના ખર્ચ માટેનું ફેરફાર કરેલું બજેટ રજૂ કરશે. લેખાનુદાનમાં સરકારે ચાર

### ગાંધીનગરમાં કોર્પોરેટ હાઉસ માટે સેક્ટર-૧૧માં જમીન ન મળી, ગિફ્ટ સિટીમાં જવા કોઇ રાજી નથી

મહિનાનો ખર્ચ લઇ લીધો છે જે જુલાઇ ૨૦૧૯માં પૂરો થાય છે. સરકારના નાણા વિભાગે લેખાનુદાન વખતે બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડ નક્કી કર્યુ હતું અને ચાર મહિનાના ખર્ચ પેટે ૬૩૯૩૯ કરોડ રૂપિયા લીધા હતા. જો કે નાણા વિભાગના સૂત્રો કહે છે કે જુલાઈમાં રજૂ થનારા બજેટમાં સુધારેલા અંદાજ પ્રમાણે બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડ કરતાં વધી શકે છે, જે બે લાખ કરોડ સુધી પહોંચી જવાની ધારણા છે.

**ગાંધીનગરમાં કોર્પોરેટ હાઉસનો અભાવ...**

દેશભરની કંપનીઓના કામે સચિવાલય આવતા પ્રતિનિધિઓ તેમજ તેમની કંપનીના સંચાલકો ગાંધીનગરમાં આવી શકે અને તેમની ઓફિસમાં બેસીને ચર્ચા કરી શકે તેવા કોર્પોરેટ હાઉસનો ગાંધીનગરમાં અભાવ છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૭માં ગાંધીનગરમાં સેક્ટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં કે જેની સામે સચિવાલય અને વિધાનસભા છે ત્યાં કોર્પોરેટ હાઉસ બનાવવાની જાહેરાત કરી કંપનીઓ માટે જમીન આપવાનું નક્કી કર્યું હતું. આ સંકુલનું બાંધકામ અદાણી જૂથે સ્વિકાર્યુ હતું પરંતુ ૧૨ વર્ષ પછી પણ આ પ્રોજેક્ટ શરૂ થઇ શક્યો નથી. દેશના ઉદ્યોગજૂથોની કોર્પોરેટ કચેરીઓ દિલ્હી, મુંબઇ અને અમદાવાદ જેવા શહેરોમાં આવેલી છે. કોર્પોરેટ ક્ષેત્રના પ્રતિનિધિઓ સચિવાલયની મુલાકાતે અવાર-નવાર આવતા હોય છે પરંતુ તેમને એકત્ર થવાની કોઇ જગ્યા નથી. તપાસ કરતાં માલુમ પડ્યું કે આ કોર્પોરેટ હાઉસ નહીં થવા પાછળનું કારણ ગિફ્ટ સિટીના ચેરમેન સુધીર માંકડ છે. તેમણે નરેન્દ્ર મોદીને દરખાસ્ત કરી હતી કે આપણી પાસે ગિફ્ટ સિટીમાં લાખો ચોરસફુટ જગ્યા ખાલી છે. જો કોર્પોરેટ હાઉસ ગિફ્ટ સિટીમાં બનાવવામાં આવે તો આપણી જગ્યાનો વપરાશ થશે અને કોર્પોરેટ કંપનીઓને જગ્યા મળી જશે. સુધીર માંકડનો આ આઈડિયા મોદીને ગમી ગયો અને જમીન આપવાની ફાઇલ બંધ કરી દેવામાં આવી, પરિણામ એ આવ્યું કે કોર્પોરેટ કંપનીઓએ સચિવાલય દૂર પડતું હોવાથી ગિફ્ટ સિટીમાં જવા તૈયાર ન થયા એટલે આટલા લાંબા સમય પછી પણ ગાંધીનગરમાં કોર્પોરેટ હાઉસનું કોઇ ઠેકાણું પડ્યું નથી.

**અગાસીમાં પાક લો, જમીનની જરૂર નથી...**

ખેતરોના ઘટતા કદ અને ઓર્ગેનિક ફૂડ પ્રોડક્ટની વધતી માંગના કારણે અર્બન ફાર્મિંગમાં નવી અને અસરકારક ટેકનીકનુ ચલણ વધી રહ્યું છે. માંગ પૂરી કરવા માટે વેપારીઓ અને ખેડૂતો અગાશી પર, પાર્કિંગમાં કે પછી કોઈ પણ જગ્યાએ ઉપલબ્ધ સીમીત જગ્યાનો ઉપયોગ ઉત્પાદન કરી રહ્યા છે. કૃષિ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે વર્તમાન સમયમાં જે ટેકનિકનો ઉપયોગ થાય છે તેમાં માટીનો ઉપયોગ નથી. માટી ન હોવાથી અગાસી પર પણ ફાર્મિંગ થઇ શકે છે. આ ટેકનીકથી અંદાજે એક લાખ રૂપિયાના સિંગલ ટાઇમ ખર્ચથી તમે ઘરે બેસીને બે લાખ રૂપિયાની આવક મેળવી શકો છો. આ ટેકનીકને હાઈડ્રોપોનિક્સ કહેવામાં આવે છે. આ ટેકનીકની ખાસ વાત એ છે કે તેમાં માટીનો ઉપયોગ બિલકુલ નથી થતો. તેમાં છોડ માટે જરૂરી પોષક તત્વોને પાણીની મદદથી સીધા છોડના મૂળ સુધી પહોંચાડવામાં આવે છે. આ ટેકનીકથી છોડને એક મલ્ટી લેર ફ્રેમની મદદથી ટકેલા પાઈપમાં ઉગાડવામાં આવે છે અને તેના મૂળને પાઈપની અંદર પોષક તત્વોથી ભરેલ પાણીમાં છોડી દેવામાં આવે છે. માટી ન હોવાથી ટેરેસ પર ભાર વધતો નથી. તેમજ ટેરેસમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર પણ કરવો પડતો નથી. કૃષિ વિભાગના નિષ્ણાંતો કહે છે કે






છોડને ઉગાડવા માટેની આ એક નવી પદ્ધતિ છે અને તેનો ખેડૂતો અને વેપારીઓ અલગ-અલગ રીતે ઉપયોગ કરી શકે છે. કંપનીઓ ઉપજ માટે તૈયાર ફ્રેમ અને ટાવર ગાર્ડનને ઓનલાઈન વેચી રહી છે. અંદાજે ૪૦૦ છોડ વાળા ૧૦ ટાવરની કિંમત એક લાખની આસપાસ થાય છે. આ કિંમતમાં ટાવર, સિસ્ટમ અને જરૂરી પોષક તત્વોનો સમાવેશ થાય છે. આ ૧૦ ટાવર અગાસીના ૧૫૦ થી ૨૦૦ સ્કવેર ફૂટમાં સરળતાથી આવી જાય છે. ૧૦ ટાવરની મદદથી ૨૦૦૦ કિલો વાર્ષિક ઉત્પાદન મળી જાય છે. આ ટેકનીકથી ઉત્પાદન ત્રણ થી પાંચ ગણુ વધી જાય છે. આ ટેકનીકમાં પ્રારંભિક ખર્ચ વાધુ આવે છે પરંતુ પછી ખર્ચ ઘટતા નફો વધી જાય છે.

**કર્મચારી જ નહીં શિક્ષકો પણ નિવૃત્ત થાય છે...**

ગુજરાતના સચિવાલયમાં જેમ કર્મચારીઓની નિવૃત્તિ વય નજીક આવતી જાય છે તેમ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ સ્ટાફની નિવૃત્તિ વય નજીક આવતી જાય છે. ગુજરાત સરકારમાં દર વર્ષે સરેરાશ ૧૮૦૦૦ કર્મચારીઓ નિવૃત્ત થાય છે તેમ સરકારી સ્કૂલો તેમજ ગ્રાન્ટેડ સ્કૂલોમાં દરવર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ કર્મચારી નિવૃત્ત થાય છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં મોટી સંખ્યામાં શિક્ષકો, આચાર્ય અને બિન શૈક્ષણિક વર્ગના કર્મચારીઓ નિવૃત્ત થાય છે. આ વખતે પણ ૨૦૦૦નો સ્ટાફ નિવૃત્ત થવાનો છે જ્યારે ૧૫૦૦નો સ્ટાફ સરકારી સ્કૂલોમાંથી નિવૃત્ત થશે. સરકારમાં નિવૃત્તિની સામે નવી ભરતીની પ્રક્રિયા એટલી બધી ધીમી હોય છે કે શિક્ષણ સ્ટાફને ખાલી જગ્યાના કારણે મુશ્કેલી થાય છે. એક શિક્ષક ત્રણ વર્ગમાં અભ્યાસ કરાવે છે. ઘણી સ્કૂલોમાં આચાર્યની જગ્યા ભરાતી નથી તેથી મુખ્ય શિક્ષકને કાર્યકારી આચાર્ય બનાવી દેવામાં આવતા હોય છે. શિક્ષણ વિભાગના સૂત્રોના કહેવા પ્રમાણે હાલમાં રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની અઢી હજાર જેટલી જગ્યા ખાલી છે અને બીજા વધુ આચાર્યની જગ્યા ખાલી પડી છે. દર વર્ષે ૧લી જૂને તથા ૩૧મી ઓક્ટોબરે મોટી સંખ્યામાં શિક્ષક સહિતના કર્મચારીઓ નિવૃત્ત થયા હોય છે. એક બાજુ ગ્રાન્ટેડ શાળાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો-આચાર્યો નિવૃત્ત થાય છે અને તેની સામે શાળાઓમાં નવી ભરતી કરાતી નથી. એવી જ રીતે સરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં પણ દર વર્ષે ૧૫૦૦ની જગ્યા ખાલી પડે છે.

**ગુજરાતનો રેકોર્ડ ટૂંક સમયમાં તૂટી શકે છે...**

ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને સરકારે એટલું પોપ્યુલર બનાવી દીધું છે કે દેશ-વિદેશના પ્રવાસીઓ આ સ્ટેચ્યુને જોવા માટે આવે છે. સરકારનો દાવો છે કે ૧૮૨ મીટરનું સ્ટેચ્યુ ઓફ યુનિટી એ વિશ્વમાં સૌથી ઉંચું છે. જો કે આ દાવા સામે ભારત અને ચીન પડકાર ફેંકી શકે છે. વિશ્વના દેશો પૈકી ઈઝરાયલમાં ૨૮ મીટરનુ એક સ્મારક છે. રશિયામાં ૯૧ મીટરનું સ્મારક છે અને અમેરિકામાં ૯૩ મીટરનું સ્ટેચ્યુ ઓફ લિબર્ટી છે. ચાઈનામાં ૧૦૮ અને ૧૨૮ મીટરના બે સ્ટેચ્યુ છે. જો કે હાલ વિશ્વનું સૌથી ઊંચુ સ્મારક ચીનના સિચુઆનના લુશાન કાઉન્ટીમાં આવેલું બુદ્ધાનું સ્પ્રિંગ ટેમ્પલ જેની ઊંચાઇ ૨૦૮ મીટર છે. ડુંગર ઉપર બનાવવામાં આવેલા સ્મારકનું બાંધકામ ૨૦૦૮માં પૂરૂં થયું હતું. જેની મૂળ ઊંચાઇ ૧૫૩ મીટર હતી પરંતુ જે ડુંગર ઉપર આ સ્મારક બનાવવામાં આવ્યું છે તેને પુનઃઆકાર આપીને પ્લેટફોર્મ બનાવવામાં આવતા આ સ્મારકની ઊંચાઇ ૨૦૮ મીટર થઈ હતી. આપણે ગૌરવ લઈએ છીએ કે

### મેટ્રોરેલ પ્રોજેક્ટ મંજૂર, કામ શરૂ થયું નથી - પાટનગરને હજી વિધાનસભા ૨૦૨૨ સુધી રાહ જોવી પડશે

૧૮૨ મીટરની ઉંચાઈનું સ્ટેચ્યુ માત્ર ગુજરાત પાસે છે પરંતુ તેવું નથી. આગામી ત્રણ વર્ષ પછી આ સ્ટેચ્યુ નાનું પડશે, કેમ કે મહારાષ્ટ્રના મુંબઈના દરિયામાં શિવાજી મહારાજનું જે સ્ટેચ્યુ બને છે તેની ઉંચાઈ ૧૯૨ મીટર થી વધારીને ૨૧૦ મીટર રાખવામાં આવી રહી છે. ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી બાંધવાનો કુલ ખર્ચ ૩૦૦૦ કરોડ થયો છે, જ્યારે મુંબઈમાં શિવાજીના સ્ટેચ્યુનો ખર્ચ ૪૦૦૦ કરોડ થવાનો છે. મરીન ડ્રાઈવ પાસે અરબી સમુદ્રમાં ૧૬ એકર જમીન આ સ્ટેચ્યુ માટે ફાળવવામાં આવી છે. મજાની વાત એવી છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવનાર એલએન્ડટી કંપની શિવાજી મહારાજનું પણ સ્ટેચ્યુ બનાવી રહી છે.

**મેટ્રો રેલ મંજૂર પણ કામ શરૂ થયું નથી...**

અમદાવાદની મેટ્રોરેલનો પ્રોજેક્ટ હજી ૨૦૨૦ના અંત સમયમાં પૂર્ણ થવાનો છે ત્યારે ગાંધીનગરને મેટ્રોરેલ માટે ૨૦૨૨માં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી સુધી રાહ જોવાની રહેશે, કારણ કે કેન્દ્ર સરકારની મંજૂરી પછી પણ ગાંધીનગરમાં મેટ્રોરલનું કામ શરૂ થયું નથી. સચિવાલયના સૂત્રો કહે છે કે ગાંધીનગરમાં મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી અને અક્ષરધામ સુધીના વિસ્તારને મેટ્રોરેલમાં આવરી લેવામાં આવનાર છે. પાટનગરમાં જગ્યા હોવાથી મેટ્રો રેલ એલિવેટેડ નહીં હોય પરંતુ સરકારે મેટ્રોના સ્ટેશનો ઘડાડી દીધા છે. બીજા તબક્કાના મેટ્રોરેલ પ્રોજેક્ટમાં કુલ ખર્ચ ૬૮૦૦ કરોડનો થાય તેમ છે પરંતુ સમય વધી જાય તો આ ખર્ચ અને પ્રોજેક્ટ પૂર્ણ કરવાની મુદતમાં વધારો થઇ શકે છે. ગાંધીનગરમાં મેટ્રોરેલની લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર હતી પરંતુ ઘટાડીને ૨૮.૨૬ કિલોમીટર કરી દેવામાં આવી છે. બીજા તબક્કામાં કામ શરૂ થાય તે પછી આ યોજના ચાર વર્ષમાં પુરી થવાની ધારણા રાખવામાં આવી છે. એટલે કે ગાંધીનગરને હજી મેટ્રો રેલ માટે વિધાનસભાની ચૂંટણી સુધી રાહ જોવાની રહેશે.

**જાહેર સાહસોની લોન સામે વ્યાજદર...**

ગુજરાત સરકારના જાહેર સાહસોને લોનની જરૂરિયાત હોય તો રાજ્યનું ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ ૧૧.૫ ટકાના વ્યાજદરે લોન આપતું હતું પરંતુ હવે લોનના દર થોડાં ઓછા કરવામાં આવ્યા છે. હવે સરકાર તેના જાહેર સાહસોને વાર્ષિક ૧૧ ટકાના દરે લોન આપશે. છેલ્લા બે વર્ષમાં સરકારે જાહેર સાહસો પાસેથી ૧૧.૫ ટકાના દરે વ્યાજ લીધું છે પરંતુ આ વર્ષે ૧૧ ટકાના દરે વ્યાજ ભરવાનું રહેશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી સૌથી ઉંચું હોવાના ગુજરાત સરકારના દાવા અને રેકોર્ડને ટૂંક સમયમાં મુંબઇ તોડશે